# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## સોમવાર, ૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [ક્લાઈમેટ ચેન્જ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - વન અને પર્યાવરણ - ન્યાયતંત્ર - પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 53**

----

### પાલનપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/380 *1 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

### અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના કેસો

15/4/99 *2 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના નવા વેરીયન્ટ(જેએન. ૧)ના કેટલા કેસો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ એક્ટીવ કેસોની સંખ્યા કેટલી છે, અને

(૩) સરકારે સાવચેતી કે અગમચેતીના કયા કયા પગલા લીધાં છે?

----

## વન વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી

15/4/111 *3 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડબ્રહ્મા તાલુકામાં જંગલ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓનું બાંધકામ વનવિભાગની મંજૂરીને અભાવે પૂર્ણ થઈ શકેલ નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે?

----

## ઝાલોદ તાલુકાના એડીશનલ ચીફ કોર્ટનું અદ્યતન બાંધકામ

15/4/158 *4 **શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ):**

**ન્યાયતંત્ર :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની એડીશનલ ચીફ કોર્ટના નવીન ભવનના અદ્યતન બાંધકામ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો અદ્યતન નવીન ભવનનું બાંધકામ કયા તબક્કે છે?

----

## ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/374 *5 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ

15/4/196 *6 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ક્યારથી કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં વસ્તીના ધોરણે કેટલી નવી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની જરૂરીયાત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઘટતી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

----

## તાપી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે કામગીરી

15/4/235 *7 **ડૉ.જયરામભાઈ ચેમાભાઈ ગામીત (નિઝર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

----

## આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ

15/4/225 *8 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત હોસ્પિટલ કયા સ્થળે કેટલા ખર્ચે બનાવવાનું આયોજન છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત હોસ્પિટલની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને કાર્યરત કરવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ

15/4/364 *9 **શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોને હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોની સારવાર આપવામાં આવી, અને

(૩) હૃદય, કિદની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે?

----

## ઝઘડિયા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/381 *10 **શ્રી રીતેશકુમાર રમણભાઈ વસાવા (ઝઘડીયા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## સપ્તઋષિનો આરો અને દાઈ લેક વિકસાવવા બાબત

15/4/388 *11 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ વડનગર ખાતે સપ્તઋષિનો આરો તથા દાઈ લેકને વિકસાવવા માટે કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

----

## થરા સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત

15/4/180 *12 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવામાં આવશે?

----

## પાટણ જિલ્લામાં હોસ્પિટલોને ચૂકવવાની બાકી રકમ

15/4/187 *13 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી કઈ હોસ્પિટલની કેટલી રકમ છ માસ અને કેટલી રકમ એક વર્ષ કરતાં વધુ સમયથી ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

----

## ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/375 *14 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## છોટા ઉદેપુર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ

15/4/372 *15 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૩-૨૪માં છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકા ખાતે ૦૯ કોર્ટ માટે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ

15/4/370 *16 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૩-૨૪માં સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં ડાયાલીસીસી માટે યોજના

15/4/365 *17 **શ્રીમતી દર્શના એમ વાઘેલા (અસારવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડાયાલીસીસ માટે સરકારે કોઈ યોજના શરૂ કરેલ છે કે કેમ,

(૨) જો હા તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આ યોજના અંતર્ગત હાલમાં કુલ કેટલા સેન્ટરો કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત કુલ કેટલા દર્દીઓના ડાયાલીસીસ

કરવામાં આવ્યા?

----

## સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ પાછળ ખર્ચ

15/4/205 *18 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત પ્રવાસન પ્રભાગ દ્વારા કુલ કેટલી રકમનો ખર્ચ થયો,

(૨) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેટલી રકમ પ્રવાસ, ભોજન, જાહેરાતો, રહેવા, ટ્રાન્સપોર્ટેશન સહિત કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો?

----

## રાજુલા જનરલ હોસ્પિટલમાં જર્જરીત સરકારી રહેણાંકો

15/4/88 *19 **શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા ખાતેની જનરલ હોપિટલમાં કર્મચારીઓને રહેવા માટેના સરકારી રહેણાંકો જર્જરીત હાલતમાં છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત નવા સરકારી રહેણાંક બનાવવાનું સરકારનું શું આયોજન છે?

----

## સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર

15/4/358 *20 **શ્રી અમીત શાહ (એલીસબ્રીજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે આંખની કઈ કઈ સારવાર ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંખની હોસ્પિટલ ખાતે આંખના કેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી?

----

## રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ સહાય

15/4/178 *21 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કયા કામોમાં ખર્ચ કરવામાં આવી?

----

## વ્યારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/376 *22 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં ડૉક્ટરોની જગ્યાઓ

15/4/212 *23 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં કેટલા ડૉક્ટરો કાયમી છે, કેટલા કરાર આધારિત છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત ડૉક્ટરોની જગ્યાઓ કાયમી ભરતી કરવાના બદલે કોન્ટ્રાક્ટ/કરારથી ભરવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## આંબરડી ખાતે સિંહ દર્શન માટેની સુવિધાઓ

15/4/384 *24 **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી(ધારી) ખાતે સિંહ દર્શન માટે પ્રવાસીઓની સુવિધાઓ માટે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

----

## રાજ્યમાં સિંહ/દિપડાના મૃત્યુ

15/4/194 *25 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ થયા,

(૨) ઉક્ત મૃત્યુ પૈકી કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના કુદરતી મૃત્યુ થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલાં લીધાં?

----

## સ્વદેશ દર્શન યોજનાના કામોમાં ગેરરીતિ

15/4/199 *26 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વદેશ દર્શન યોજના માં કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ પૈકી કીર્તિ મંદિર અને કોચરબ આશ્રમમાં કરવામાં આવેલ કામોમાં ગેરરીતિ થઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે કઈ કક્ષાએથી ક્યારે તપાસ કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન કેટલી રકમના ખોટા ખર્ચા કે ખોટા રીપોર્ટ કરાયાનું સામે આવ્યું, અને

(૪) તે માટે કયા જવાબદારો સામે શા પગલાં લીધાં?

----

## રાજ્યમાં કિડની પ્રત્યારોપણ

15/4/359 *27 **શ્રી ચૈતન્ય મકરંદભાઇ દેસાઇ (અકોટા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કિડની પ્રત્યારોપણ હોસ્પિટલોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, કુલ કેટલા કિડની પ્રત્યારોપણ થયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, લાઈવ અને કેડેવર કિડની પ્રત્યારોપણની સંખ્યા કેટલી છે?

----

## કાયદા વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/185 *28 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) કાયદા વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/4/369 *29 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત મેડીકલના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે?

----

## વિશ્વામિત્રી નદીમાં મગરોનો શિકાર

15/4/209 *30 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદીમાં કેટલા મગર વસવાટ કરે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મગરોને પકડવા તથા તેના શિકાર પર પ્રતિબંધ મૂકવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગેરકાયદેસર રીતે મગરને પકડવા, રંજાડવા કે શિકારની કેટલી ઘટનાઓ બની?

----

## પેટલાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/382 *31 **શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## લખપત તાલુકામાં ચેરનું વાવેતર

15/4/373 *32 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## કાલોલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/377 *33 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

## પાદરા ખાતે નવી સિવિલ કોર્ટ બિલ્ડીંગ

15/4/371 *34 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૩-૨૪માં વડોદરા જિલ્લાના પાદરા તાલુકા ખાતે ૦૩ કોર્ટ માટે નવી સિવિલ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## મોરબી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે કામગીરી

15/4/386 *35 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા હેતુથી કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

----

**પાલનપુર ખાતે સિવિલ હોસ્પિટલ બનાવવાનું આયોજન**

15/4/173 *36 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે સિવિલ હોસ્પિટલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત હોસ્પિટલનું કામ કયા તબક્કે છે?

----

**કેમિકલ્યુક્ત આયુર્વેદિક સીરપ વેચનાર સામે લેવાયેલ પગલા**

15/4/100 *37 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આયુર્વેદિક સીરપમાં કેમીકલ ઉમેરીને તેને નશા માટે ઉપયોગમાં લેવાના કારોબારના કારણે ખેડા જિલ્લાના નડીયાદ ખાતે સીરપ પીનાર લોકોના મૃત્યુ થયા હતા તે હકીકત સાચી છે, કે કેમ,

(૨) જો હા, તો સરકારે જવાબદારો સામે શી કાર્યવાહી કરી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આવા સીરપની બોટલો કયા સ્થળેથી સરકારે જપ્ત કરી છે?

----

**ખેડબ્રહ્મા તાલુકામાં સિકલસેલ એનિમિયાના દર્દીઓ**

15/4/112 *38 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડબ્રહ્મા તાલુકામાં સિકલસેલ એનિમિયાના કેટલા દર્દીઓ નોંધાયા, અને

(૨) આવા કેટલા દર્દીઓને કેટલી રકમની સહાય આપવામાં આવી છે?

----

----

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિકાસ ફંડ પેટે જમા રકમ

15/4/197 *39 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એક્ટ હેઠળની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિકાસ ફંડ પેટે કેટલી રકમ જમા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિકાસ ફંડમાંથી કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી,

(૩) ઉક્ત ફંડ વાપરવામાં ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૪) મળેલ ફરીયાદો અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં?

----

## ધમણ-૧ અને ધમણ-૩ વેન્ટીલેટર

15/4/228 *40 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને ભારત સરકાર દ્વારા મેસર્સ એચ.એલ.એલ. લાઈફ કેર મારફતે ધમણ-૧ તથા ધમણ-૩ વેન્ટીલેટર કેટલા મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે, અને

(૩) ધમણ-૧ તથા ધમણ-૩ વેન્ટીલેટરના મેઈન્ટેનન્સ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સી/કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

----

## કાંકરેજ તાલુકામાં સરકારી કોલેજો

15/4/181 *41 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કેટલી કોલેજો ક્યારથી કાર્યરત છે, અને

(૨) ઉક્ત તાલુકામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની એક પણ કોલેજ ન હોય તો નવી સરકારી કોલેજ મંજૂર કરવાનું શું આયોજન છે?

----

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે ચૂકવેલ પ્રિમિયમ

15/4/188 *42 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લાભાર્થીઓને આરોગ્ય સારવાર માટે ખાનગી વીમા કંપનીઓને સરકારે પ્રિમિયમ ચૂકવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી વીમા કંપનીને કેટલી રકમનું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું, અને

(૩) ઉક્ત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી?

----

## ખુશ્બુ ગુજરાત કી એડ ફિલ્મના બાકી એપીસોડ

15/4/206 *43 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ "ખુશ્બુ ગુજરાત કી" એડ ફિલ્મના તૈયાર થયેલા કેટલા એપીસોડ પ્રસિધ્ધ કરવાના બાકી છે,

(૨) ઉક્ત એપીસોડ તૈયાર કરવા માટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત એપીસોડ પ્રસિધ્ધ કરવાના બાકી હોવાના કારણો શાં છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે?

----

## રાજુલા તાલુકાની જનરલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન

15/4/89 *44 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની જનરલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન ઉપલબ્ધ નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) આ સીટી સ્કેન મશીન ઉક્ત હોસ્પિટલમાં કેટલા સમયમાં ફાળવવામાં આવશે?

----

**વન અને પર્યાવરણ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

15/4/213 *45 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વન અને પર્યાવરણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----

**સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી વન્ય પ્રાણીઓ આપવા બાબત**

15/4/195 *46 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી કેટલા અને કયા વન્ય પ્રાણીઓ કોને આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત વન્યપ્રાણીઓ આપવાના શા કારણો છે?

----

**જૂનાગઢ ખાતે કાર્યરત ગીધ કેપ્ટીવ બ્રીડિંગ સેન્ટર**

15/4/200 *47 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ ખાતેના કેપ્ટીવ ગીધ બ્રીડિંગ સેન્ટરમાં ગીધના કેટલા કેપ્ટીવ બ્રીડિંગ થયા,

(૨) ઉક્ત વર્ષવાર કેપ્ટીવ સેન્ટરમાં ગીધ દ્વારા કેટલા ઈંડા મુકવામાં આવેલ અને જેમાંથી કેટલા બચ્ચાનો ઉછેર થયેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગીધને બચાવવા રાજ્ય સરકારે કેવા પગલાંઓ લીધાં?

----

## પર્યાવરણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/210 *48 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) પર્યાવરણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----

## દાંતા અને અમીરગઢ તાલુકામાં આરોગ્ય કેન્દ્રો, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ અને સબ સેન્ટરનું મંજૂર મહેકમ

15/4/174 *49 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ તથા સબ સેન્ટરમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

## પ્રવાસન પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/192 *50 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) પ્રવાસન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને RUSA અને સરકાર તરફથી મળેલ રકમ

15/4/198 *51 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એક્ટ હેઠળની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સરકાર અને RUSA દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી કયા કામ માટે કેટલી રકમ વાપરવામાં આવી,

(૩) ઉક્ત રકમ વાપરવામાં ગેરરિતી અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૪) મળેલ ફરીયાદો અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં?

----

## ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/182 *52 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

----

## ક્લાયમેટ ચેન્જ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/201 *53 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**કલાઈમેટ ચેન્જ :-**

માનનીય ક્લાયમેટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ક્લાયમેટ ચેન્જ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

----